# MBA
# READY RECKONER

## એડમિશન કમિટી

- ગુજરાતની તમામ MBA કોલેજોના એડમિશન ACPC (www.jacpcldce.ac.in) દ્વારા CMAT (Common Management Admission Test) રેન્કના આધારે કોમન મેરીટ લિસ્ટ બનાવીને www.gujacpc.admissions.nic.in પર ઓનલાઇન કરવામાં આવે છે.

## લાયકાત (Eligibility)

- વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ મિનિમમ 50% માર્ક્સ (45% અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે) સાથે પાસ કરેલ હોવો જોઇએ.

## રજીસ્ટ્રેશન

- મુખ્ય સમાચારપત્રોમાં એડમિશન કમિટીની જાહેરાત આવે ત્યારે નિયત સમય મર્યાદામાં www.gujacpc.admissions.nic.in પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રજીસ્ટ્રેશનની પ્રિન્ટ સાચવીને રાખવી જરૂરી છે. સામાન્યપણે, રજીસ્ટ્રેશન મે અથવા જૂનમાં સ્ટાર્ટ થાય છે.

## એડમિશન પ્રક્રિયા

- **મેરીટ લીસ્ટ –** એડમિશન કમિટી દ્વારા CMATમાં મેળવેલ માર્ક્સ મુજબ કોમન મેરીટ લિસ્ટ બનાવવામાં આવે છે.
- મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ એડમિશનના રાઉન્ડ નીચે મુજબ યોજાય છે.
  - **મોક રાઉન્ડ (પ્રેક્ટીસ રાઉન્ડ)**
    - મોક રાઉન્ડ એ ચોઇસ ફીલિંગ અને એલોટમેન્ટ પ્રોસેસ સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતું નથી.
  - **રાઉન્ડ –1 (એક્ચ્યુલ એડમિશન રાઉન્ડ)**
    - રાઉન્ડ–1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવી શકાય છે. TFWS (Tuition Fee Waiver Scheme) બેઠકો આ રાઉન્ડમાં જ ભરાઇ જાય છે માટે ચોઇસ ફિલિંગ કાળજીપૂર્વક કરવી. TFWS અને NON-TFWSની ચોઇસ જુદી–જુદી ભરવાની હોય છે. ચોઇસ ફીલિંગની પ્રિન્ટ ખાસ સાચવીને રાખવી.
    - રાઉન્ડ–1માં મળેલ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે નિયત સમય મર્યાદામાં ઓનલાઇન ટોકન ફી ભરવાની રહેશે.
    - ફી ભર્યા બાદ વિદ્યાર્થીએ લોગ–ઇન કરીને એડમિશન લેટરની પ્રિન્ટ કાઢવાની રહેશે.
    - રાઉન્ડ–1નું એડમિશન કન્ફર્મ કરો કે ના કરો, રાઉન્ડ–2માં તો તમે ભાગ લઇ જ શકો છો.
  - **રાઉન્ડ–2 (રીશફલીંગ રાઉન્ડ)**
    - રાઉન્ડ–1ના એલોટમેન્ટમાં ખાલી રહેલી અને ટોકન ફી ન ભરવાના કારણે ખાલી પડેલી બેઠકોના એડમિશન આ રાઉન્ડમાં થાય છે.
    - રાઉન્ડ–2માં એટલી જ ચોઇસ ભરવી કે જેમાં એડમિશન મળે તો 100% લેવું જ હોય.
    - જો રાઉન્ડ–2માં નવી બેઠક ફાળવવામાં આવે તો રાઉન્ડ–1નો પ્રવેશ આપમેળે રદ થઇ જશે અને ફરજીયાતપણે વિદ્યાર્થીએ રાઉન્ડ–2માં ફાળવવામાં આવેલી બેઠક પર જ એડમિશન લેવું પડશે.
    - જો રાઉન્ડ–2માં વિદ્યાર્થીએ ભરેલી ચોઇસમાં એડમિશન ના મળે તો રાઉન્ડ–1 નું કન્ફર્મ કરાવેલુ એડમિશન ચાલુ રહેશે.
  - **ઓફલાઇન રાઉન્ડ (સ્પોટ રાઉન્ડ)**
    - રીશફલિંગ રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો માટે એડમીશન કમિટી દ્વારા સમય સંજોગો અનુસાર નિર્ણય લેવાય છે.
  - **મેનેજમેન્ટ ક્વોટા અને વેકેન્ટ ક્વોટા (MQ and VQ)**
    - SFI કોલેજોની MQ બેઠકો અને એડમીશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી વેકન્ટ બેઠકોના એડમિશન માટે કોલેજનો રૂબરૂસંપર્ક કરવાનો રહેશે.

## CMAT (Common Management Admission Test)

- CMATએ MBA કોર્ષમાં પ્રવેશ મેળવવા માટેની NTA (National Testing Agency) દ્વારા લેવામાં આવતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા છે.
- CMAT ત્રણ કલાકની કોમ્પ્યુટર આધારિત ઓનલાઈન ટેસ્ટ છે જેનુ પેપર અંગ્રેજીમાં જ હોય છે.
- CMAT જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી મહિનામાં લેવાય છે.

***જે વિદ્યાર્થીઓએ CMATની પરીક્ષા ના આપી હોય તેઓ પણ એડમિશન લઇ શકે છે. જેના માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.***

## MBA

- MBA (માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન) 2 વર્ષનો (4 સેમેસ્ટર) પ્રોફેશનલ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ છે.
- MBA અભ્યાસક્રમમાં માર્કેટીંગ, હ્યુમન રીસોર્સ (HR), ફાયનાન્સ અને ઇન્ટરનેશનલ બિઝનેસ જેવા સ્પેશ્યલાઈઝેશન ઓફર કરવામાં આવે છે.
- MBA વિદ્યાર્થીઓને બિઝનેસ મેનેજમેન્ટ, ફાયનાન્સ, HR, બેન્કિંગ તેમજ માર્કેટિંગના કોન્સેપ્ટસ, થિયરી અને ફિલ્ડ વર્કનું નોલેજ આપે છે જે વિદ્યાર્થીમાં બિઝનેસ અને મેનેજમેન્ટને લગતા નિર્ણયો લેવાની સ્કીલ ડેવલોપ કરે છે.
- જે વિદ્યાર્થીઓને પોતાનો બિઝનેસ શરૂ કરવો હોય કે કોર્પોરેટ સેક્ટરમાં કારર્કિદી બનાવવી હોય એમના માટે MBA એક ઉત્તમ વિકલ્પ છે.

## Govt. MBA Institutes

(As per admission committee website)

| No. | Institute | University | Fees / Year | Intake |
|---|---|---|---|---|
| 1 | B. K. School of Professional and Mgmt. Studies, Ahmedabad | GU | 6,480 (Boys) 2,280 (Girls) | 113 |
| 2 | Centre for Mgmt. Studies, DDU, Nadiad | DDU | 8,750 (Boys) 5,159 (Girls) | 38 |
| 3 | Department of Business Administration, FoM, Bhavnagar | BU | 24,000 | 38 |
| 4 | Dept. of Business and Industrial Mgmt., Veer Narmad Uni., Surat | VNSGU | 13,830 (Boys) 8,830 (Girls) | 38 |
| 5 | Department of Commerce & Mgmt., Bhuj | KU | 16,600 | 56 |
| 6 | G. H. Patel Postgraduate Institute of Business Mgmt., V. V. Nagar | SPU | 5,480 (Boys) 3,080 (Girls) | 50 |
| 7 | M. S. Patel Institute of Mgmt. Studies, MSU, Vadodara | MSU | 19,620 (Boys) 15,520 (Girls) | 50 |
| 8 | S. K. School of Business Mgmt., Patan | HNGU | 28,060 | 75 |
| 9 | Smt. R. D. Gardi Department of Business Mgmt., Rajkot | SU | 13,880 | 75 |

## સ્કોલરશીપ

- **TFWS (Tuition Fee Waiver Scheme)** જે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક Rs. 8,00,000/- થી ઓછી હોય તેને TFWSનો લાભ મળવાપાત્ર છે. કુલ બેઠકોની 5% સુપરન્યુમેરરી (વધારાની) બેઠકો TFWS હોય છે જે મેરીટ નંબરના આધારે જ ભરવામાં આવે છે. જો વિદ્યાર્થીને TFWS હેઠળ એડમિશન મળે તો પૂરા અભ્યાસક્રમ દરમ્યાન ટ્યુશન ફી ભરવાની હોતી નથી. TFWS બેઠકો માટે અલગ ચોઈસ ભરવાની હોય છે. આ યોજનાનો લાભ લેવા માટે TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જન સેવા કેન્દ્ર પરથી કઢાવેલું આવકનું સર્ટીફીકેટ રજીસ્ટ્રેશનની સાથે જોડવાનું આવશ્યક છે.
- **પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ** ગુજરાત સરકાર દ્વારા SEBC / SC / ST / NT / DNT જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. આ યોજનામાં જે કેટેગરી લાગુ પડતી હોય તેની માહિતી કોલેજમાંથી મેળવી નિયત સમયમર્યાદામાં Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in) મારફતે વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે.
- સ્કોલરશીપની વધુ માહિતી માટે www.digitalgujarat.gov.in


**MBA** Admission

Download Mobile App from
Google Play Store by searching
**"Gujarat MBA Admission"**

http://diet.vc/a_amba


## Important Websites

| | | | |
|---|---|---|---|
| www.jacpcldce.ac.in | ACPC Circulars / News / Announcements | www.frctech.ac.in | Fee Regulatory Committee, Technical |
| gujacpc.admissions.nic.in | Registration / Choice Filling / Allotment | www.cmat.nta.nic.in | Common Management Admission Test |

આ બુકલેટનો ઉદ્દેશ માર્ગદર્શન માટે છે. બુકલેટમાં આપેલ માહિતી માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતા કોઈપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ. વિદ્યાર્થીઓને અપીલ છે કે પોતાની આર્થિક, કૌટુંબિક, શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાના આધારે માતા–પિતા સાથે ચર્ચા કરીને કેરીયરની પસંદગીનો નિર્ણય કરવો જોઈએ.


Darshan UNIVERSITY
योग: कर्मसु कौशलम्

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
7096979973 / 52